# પેટ્રોલ-ડિઝલમાં તોતિંગ ભાવવધારો ઝીંકાયો

## પેટ્રોલ-માં લીટર દીઠ ૩.૧૮ અને ડીઝલમાં ૩.૦૯નો ભાવ વધારો : ગુજરાતમાં પેટ્રોલ અને ડિઝલ બંનેમાં વેટની સાથે લીટરદીઠ ૩.૬૦નો જંગી વધારો કરાયો : મહિનામાં બીજી વખત ભાવ વધારો કરાયો

અમદાવાદ, તા. ૨૮ પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આજે ફરી લીટરદીઠ ક્રમશઃ ૩.૧૮ અને ૩.૦૯ રૂપિયાનો વધારો ઝીંકી દેવામાં આવ્યો હતો. ગુજરાતમાં વેટને ગણવામાં આવે તો આ વધારો વધુ રહેશે. સામાન્ય લોકો ઉપર વધુ બોજ ગુજરાતમાં રહેશે. આંતરરાષ્ટ્રીય તેલ કિંમતોમાં વધારો થયા બાદ આ મહિનામાં રેટમાં બીજી વખત વધારો કરાયો છે. ભાવ વધારો તાત્કાલિકરીતે અમલી બનાવવામાં આવ્યો છે. ગુજરાતમાં પેટ્રોલની કિંમતમાં અને ડિઝલની કિંમતમાં લીટરદીઠ ૩.૬૦નો વધારો અમલી રહેશે. આનો મતલબ યે થયો કે, ગુજરાતમાં પેટ્રોલની કિંમત લીટરદીઠ ૩.૬૦નો વધારો થયો છે જ્યારે ડિઝલની કિંમતમાં પણ ૫૧ પૈસાના વેટને ગણવામાં આવે તો ડિઝલની કિંમતમાં વધારો ૩.૬૦ રૂપિયા રહેશે. પેટ્રોલમાં ગુજરાતમાં ૪૨ પૈસાનો વેટ લાગૂ થાય તો ભાવ વધારે વધ્યો છે. આ મહિના અગાઉ વધારો કરતા પહેલા પેટ્રોલની કિંમતમાં ઓગસ્ટ ૨૦૧૪ બાદથી ૧૦ વખત ઘટાડો થયો હતો. ઓક્ટોબર ૨૦૧૪ બાદ છ વખત ડિઝલની કિંમત ઘટાડવામાં આવી હતી. ઓગસ્ટ બાદથી ૧૦ વખત ઘટાડો કરાતા પેટ્રોલની કિંમત લીટરદીઠ ૧૭.૧૮ પૈસા ઘટી હતી

● અનુસંધાન પાન-૭ પર

તમારા વિશે બધું જ જાણતો હોય છતાં તમને ચાહતો હોય તે જ તમારો સાચો મિત્ર

- શાહબુદ્દીન રાઠોડ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૪૬ | ૧ માર્ચ, ૨૦૧૫, રવિવાર ; ફાગણ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શહેર-જિલ્લામાં સ્વાઈન ફલુના વધુ ૮ કેસ : કુલ ૧૫૫ કેસ

ગાંધીનગર, તા. ૨૮ ગાંધીનગર જિલ્લામાંથી સ્વાઈન ફલુના વધુ ૮ કેસ મળી આવ્યા છે, જ્યારે સારવાર હેઠળના વધુ ૧ દર્દીનું મૃત્યુ થયું છે.

જિલ્લામાં આજે મળી આવેલા ૮ કેસને કારણે જિલ્લામાં આ રોગના દર્દીઓની સંખ્યા ૧૫૫ પર પહોંચી છે. જિલ્લામાં ૧૫૦ થી પણ વધુ દર્દીઓ નોંધાતા હવે તંત્રે પણ ૧૪મી કલમનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવા માટેની કવાયત હાથ ધરી છે.

જે ૮ કેસ નોંધાયા છે તેમાં કલોલના ૩ કેસ, દહેગામ અને ગાંધીનગરના-૨-૨ કેસ તથા ૧ ગાંધીનગર શહેરમાંથી કેસ મળેલ છે.

શહેરના સે. ૩માંથી આ નવો કેસ મળ્યો છે. વાતાવરણમાં થઈ રહેલા બદલાવને કારણે તંત્રની ચિંતામાં પણ વધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે શેરથાના એક ૫૫ વર્ષીય દર્દી જે સારવાર હેઠળ હતા તેમનું સારવાર દરમ્યાન

● અનુસંધાન પાન-૭ પર
















